# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાઉદી અરેબિયાના બે દિવસના પ્રવાસ પર જેદ્દાહ પહોંચ્યા - વિમાનીમથકે 21 તોપોની સલામી આપવામાં આવી.

2) અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ જેડી વેન્સે કહ્યું કે - સદીનું ભવિષ્ય ભારત અને અમેરિકા વચ્ચેના સહિયારા વેપાર સંબંધો પર આધારિત છે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલાની ટીકા કરી; કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું ગુનેગારો સામે કડક કાર્યવાહી કરાશે

4) UPSC 2024નું પરિણામ જાહેર , શક્તિ દુબેએ પ્રથમ ક્રમાંક મેળવ્યો.

5) સોનાના ભાવ ઐતિહાસિક સપાટીએ ; ૨૪ કેરેટનો ભાવ પ્રથમ વખત એક લાખ રૂપિયાએ પહોંચ્યો.

6) I.P.L. માં લખનઉ સુપર જાયન્ટ્સ સામે દિલ્હી કેપિટલ્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી.

.........................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM - Jeddah

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાઉદી અરેબિયાના બે દિવસના પ્રવાસ પર જેદ્દાહ પહોંચ્યા છે. વિમાનીમથકે તેમને 21 તોપોની સલામી આપવામાં આવી હતી. પ્રધાનમંત્રીનું વિમાન સાઉદી હવાઈ ક્ષેત્રમાં પ્રવેશતા જ રોયલ સાઉદી વાયુસેનાના ફાઇટર જેટ્સ દ્વારા એસ્કોર્ટ કરવામાં આવ્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ આશા વ્યક્ત કરી છે કે તેમની મુલાકાત ભારત અને સાઉદી અરેબિયા વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

શ્રી મોદીએ સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને પ્રધાનમંત્રી મોહમ્મદ બિન સલમાનના આમંત્રણ પર સાઉદી અરેબિયાની મુલાકાત લીધી છે. આ તેમની સાઉદી અરેબિયાની ત્રીજી મુલાકાત છે.

# US Vice President- Jaipur

અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ જેડી **વેન્સે** કહ્યું છે કે સદીનું ભવિષ્ય ભારત અને અમેરિકા વચ્ચેના સહિયારા વેપાર સંબંધો પર આધારિત છે. તેમણે કહ્યું કે બંને દેશોએ વેપાર વાટાઘાટોની શરતોને સત્તાવાર રીતે અંતિમ સ્વરૂપ આપી દીધું છે.

જયપુરમાં એક બિઝનેસ સમિટમાં બોલતા, શ્રી **વેન્સે** કહ્યું કે ભલે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિની ટીકા થઈ રહી હોય,પરંતુ તેમણે સંતુલિત વેપારનું વાતાવરણ બનાવ્યું છે. ઉપરાષ્ટ્રપ્રમુખે કહ્યું કે ભારત સંરક્ષણ ક્ષેત્રમાં અમેરિકાનો સૌથી નજીકનો અને સૌથી વિશ્વસનીય ભાગીદાર છે. અમેરિકા ભારતને વિશ્વસ્તરીય સંરક્ષણ સાધનો પૂરા પાડવા માંગે છે. ઉર્જા ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે ભાગીદારીની ઘણી સંભાવનાઓ છે. શ્રી **વેન્સે** ભારતમાં નવા મકાનો બનાવવા અને સુવિધાઓ વિકસાવવામાં ભાગીદારી પર પણ ભાર મૂક્યો.

# J &k NEW

જમ્મુ અને કાશ્મીરમાં, દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહેલગામ વિસ્તારમાં આજે બપોરે આતંકવાદીઓએ પ્રવાસીઓના એક જૂથ પર હુમલો કર્યો. શ્રીનગર મુખ્યમથકથી લગભગ 85 કિલોમીટર દૂર પહેલગામના બૈસરન જંગલ વિસ્તારમાં આ હુમલો થયો. હુમલામાં કેટલાક પ્રવાસીઓ ઇજાગ્રસ્ત થયાનાં અહેવાલ છે. જોકે, ઇજાગ્રસ્તો અને મૃતકોની ચોક્કસ સંખ્યાની હજુ સુધી પુષ્ટિ થઈ નથી.

આ ઘટના અંગે દુ:ખ અને આક્રોશ વ્યક્ત કરતા, જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે મૃત્યુઆંક હજુ જાણી શકાયો નથી. પરિસ્થિતિ સ્પષ્ટ થતાં જ સત્તાવાર રીતે માહિતી અપાશે. ઇજાગ્રસ્તોને જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સુરક્ષા દળોએ હુમલાખોરોને શોધવા ઘેરાબંધી અને શોધખોળ અભિયાન શરૂ કર્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આતંકવાદી હુમલાની ટીકા કરી છે અને કહ્યું છે કે આ ધૃણાસ્પદ કૃત્ય પાછળના લોકોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે અને તેમને બક્ષવામાં આવશે નહીં. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેમનો નાપાક એજન્ડા ક્યારેય સફળ થશે નહીં. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે અસરગ્રસ્તોને શક્ય તમામ સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પ્રધાનમંત્રીને પહેલગામ આતંકવાદી હુમલાની ઘટના વિશે માહિતી આપી હતી અને તમામ એજન્સીઓ સાથે તાત્કાલિક સુરક્ષા સમીક્ષા બેઠક યોજવા માટે શ્રીનગર જવા રવાના થયા હતા. શ્રી શાહે આ ઘટના અંગે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબંધિત અધિકારીઓ સાથે બેઠક પણ યોજી હતી. પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા પર દુઃખ વ્યક્ત કરતા ગૃહમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ કાયરતાપૂર્ણ આતંકવાદી કૃત્યમાં સામેલ લોકોને બક્ષવામાં આવશે નહીં. દરમિયાન રાષ્ટ્રપતિ મૂર્મૂએ પણ આ ઘટના અંગે દુખ વ્યક્ત કર્યું.

## upsc-result

કેન્દ્રીય જાહેર સેવા આયોગ-UPSC ની સિવિલ સર્વિસ પરીક્ષા 2024નું અંતિમ પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. કુલ એક હજાર નવ ઉમેદવારો પાસ થયા છે, જેમાં 725 પુરુષો અને 284 મહિલાઓ છે. શક્તિ દુબેએ સિવિલ સર્વિસ 2024ની પરીક્ષામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

જાહેર કરાયેલા પરિણામમાં ગુજરાત રાજ્યના 26 ઉમેદવાર ઉત્તીર્ણ થયા છે. રાજ્યનાં હર્ષિતા ગોયલે સમગ્ર દેશમાં બીજો અને માર્ગી શાહે ચોથો અને સ્મિત પંચાલે 30-મો ક્રમાંક મેળવ્યો છે. આ રીતે રાજ્યના ત્રણ ઉમેદવારે સમગ્ર દેશમાં ટોચના 30 ઉમેદવારમાં સ્થાન મેળવ્યું છે.

UPSCમાં બીજા ક્રમાંકે ઉત્તીર્ણ થનારાં ગુજરાતનાં હર્ષિતા ગોયલે આ અંગે પ્રતિક્રિયા આપી

**(BYTE : HARSHITA GOYAL)**

દેશમાં ચોથો અને ગુજરાત રાજ્યમાં બીજો ક્રમાંક મેળવનાર માર્ગી ચિરાગ શાહે આકાશવાણી સાથે વાત કરતા, કહ્યું કે

**(BYTE : MARGI CHIRAG SHAH)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# Mumbai-Kiren Rijiju

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે વકફ સુધારા કાયદાનો ઉદ્દેશ્ય ગરીબ મુસ્લિમોને લાભ આપવાનો અને મિલકતના દુરુપયોગને રોકવાનો છે.

વકફ સુધારા અને જન જાગૃતિ અભિયાનના ભાગ રૂપે આજે મુંબઈમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં બોલતા શ્રી રિજિજુએ જણાવ્યું હતું કે ભારત જેવા વિશાળ દેશમાં, એક-એક ઇંચ જમીનનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ. હવેથી વકફ બોર્ડ મનસ્વી રીતે કોઈપણ ગામને વકફ મિલકત તરીકે જાહેર કરી શકશે નહીં. વક્ફ સુધારા બિલ પર વિપક્ષના કથિત પ્રચાર અભિયાનની નિંદા કરતા શ્રી રિજિજુએ કહ્યું કે મુસ્લિમ વસ્તીના મોટા વર્ગે નવી જોગવાઈઓનું સ્વાગત કર્યું છે.

(BYTE: KIREN RIJIJU)

# GOLD

આજે સોનાના ભાવ ઐતિહાસિક સપાટીએ પહોંચ્યા છે. ૨૪ કેરેટ સોનાનો ભાવ પ્રથમ વખત એક લાખ રૂપિયા પ્રતિ દસ ગ્રામ પર પહોંચી ગયો. વિશ્વમાં વધતા રાજકીય તણાવ અને આર્થિક અનિશ્ચિતતાઓને કારણે, સોનાની માંગ ઘણી વધારે છે. થોડા દિવસો પછી, અક્ષય તૃતીયાનો તહેવાર છે, જેના કારણે સોનાની માંગ વધી છે.

ભારતના બુલિયન અને જ્વેલરી વેપારીઓના સંગઠન IBJA એ જણાવ્યું હતું કે ૨૪ કેરેટ શુદ્ધતાવાળા સોનાનો ભાવ આજે ૯૬ હજાર છસો ૭૦ રૂપિયાથી વધીને એક લાખ રૂપિયા પ્રતિ દસ ગ્રામ થઈ ગયો છે. ૨૨ કેરેટ સોનું પ્રતિ દસ ગ્રામ ૯૭ હજાર છસો રૂપિયા જ્યારે ૨૦ અને ૧૮ કેરેટ સોનું અનુક્રમે ૮૯ હજાર રૂપિયા અને ૮૧ હજાર રૂપિયા પ્રતિ દસ ગ્રામ પર રહ્યું છે.

# BJP - Nalin Kohli

ભારતીય જનતા પાર્ટીએ આજે નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ પર પ્રહાર કર્યો. આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા, ભાજપના પ્રવક્તા નલિન કોહલીએ જણાવ્યું હતું કે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીની ચૂંટણી પંચ અને ચૂંટણી આચરણ પરની તાજેતરની ટિપ્પણીઓ દર્શાવે છે કે તેમનો પક્ષ નેશનલ હેરાલ્ડ કેસથી પોતાને દૂર રાખવાનો પ્રયાસ કરી રહ્યો છે. શ્રી કોહલીએ કહ્યું કે કોંગ્રેસ સંસ્થાઓ પર હુમલો કરીને લોકોનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહી છે.

# Pope - Funeral

પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કાર શનિવારે રોમમાં થશે. અંતિમ સંસ્કારમાં અનેક વિશ્વ નેતાઓ અને મહાનુભાવો હાજરી આપશે. પોપના પાર્થિવ દેહને જાહેર દર્શન માટે આવતીકાલે વેટિકન સિટીના સેન્ટ પીટર બેસિલિકામાં લઈ જવામાં આવશે. પોપ ફ્રાન્સિસનું ગઈકાલે ૮૮ વર્ષની વયે વેટિકન સિટી સ્થિત તેમના નિવાસસ્થાને અવસાન થયું હતું.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે લખનઉ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. લખનઉના ભારતરત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાતી મેચમાં દિલ્હી કૅપિટલ્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે. હાલ, દિલ્હી તમામ પૉઈન્ટ ટેબલમાં બીજા અને લખનઉ પાંચમા સ્થાન પર છે.

છેલ્લા મળતા અહેવાલ મુજબ, લખનઉની ટીમે 7 ઑવરમાં વિના વિકેટે 61 રન બનાવ્યા છે.

# Centre - Heatwave Advice

કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ભારે ગરમીથી શ્રમિકો અને મજૂરોને બચાવવા માટે તાત્કાલિક પગલાં લેવાની સલાહ આપી છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે મંત્રાલયે આ સંદર્ભમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખ્યો છે. નોકરીદાતાઓ, ઉદ્યોગો અને બાંધકામ કંપનીઓને કામદારો માટે ગરમીથી રાહત મળે તેવા પગલાં લેવા આદેશો આપવામાં આવ્યા છે.

શ્રી માંડવિયાએ કહ્યું છે કે ગરમીથી બચવા માટે કામના કલાકો ફરીથી નક્કી કરવા જોઈએ. પૂરતા પ્રમાણમાં પીવાના પાણીની વ્યવસ્થા તેમજ નિયમિત આરોગ્ય તપાસ કરાવવી જોઈએ. ESIC હોસ્પિટલો અને દવાખાનાઓને ભારે ગરમીના કેસો માટે ખાસ સહાય ડેસ્ક સ્થાપવા અને ગરમી સંબંધિત બીમારીઓના સંચાલન માટે ORS, આઈસ પેક અને અન્ય આવશ્યક વસ્તુઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.